

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સિદ્ધાંતને ભૂલી લાભ પાછળ પડી છે પાંચમ,*
*સત્ય અને નિષ્ઠાને રાજકારણે નડી છે પાંચમ.*
*ચડી છે યુદ્ધે ધર્મરાજ સામે દુર્યોધન બની -*
*સત્તાના હથિયારે ન્યાયથી યે લડી છે પાંચમ...*
*(ઈશ્વર આપણને સત્ય-નિષ્ઠાથી 'કર્મ' કરવાની શક્તિ આપે)*

હાઈકુ

*થાય સફળ*
*કરો પ્રારંભ કાર્યો -*
*લાભ-પાંચમે...*

*ઉત્સવ પણ -*
*પ્રકૃતિ ને પંચાગ -*
*મારે છે 'ધોકા'*

### ચિંતન

**યથા શ્રવતં તથા બુદ્ધિઃ ।**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**જેવું શિક્ષણ તેવી બુદ્ધિ.**

**વ્યક્તિને જેવું શિક્ષણ મળે, જેવી તાલીમ મળે તેવી એની બુદ્ધિ થાય છે. આથી બાળકોનો વિકાસ કરવો હોય, તેમની બુદ્ધિને ખીલવવી હોય તો એને યોગ્ય શિક્ષણ અને યોગ્ય તાલીમ આપવા જોઈએ.**

**પોપટને 'રામ' બોલતાં શીખવી એ તો 'રામ' બોલે - પાળેલા કૂતરા પણ તાલીમ પ્રમાણે જ વર્તન કરે છે. બાળકને સંસ્કાર આપવા માતાપિતાનું કામ છે ખાસ કરીને 'મા'ની મોટી ફરજ છે. સંતાન જ સાચાં 'મોતી' છે એની સાર-સંભાળ કરવાનું કામ માનું છે. માત્ર પૈસા આપીને ફરજ પૂરી થતી નથી, બધી વાતમાં, 'હા' ન પડાય,'ના' સાંભળવા પણ બાળકને ટેવાવું પડે - અપથ્ય ખાવાની વૈદ્ય પણ રજા આપતા નથી.**

### સુવિચાર

- ગુરુ કોઈ આચરણ નથી, એ સ્વયં ધર્મ છે ગુરુ કોઈ સંબંધ નથી, એ ખુદ સંસ્કૃતિ છે - **બોધી વૃક્ષ**
- કબીર કબીરા કયું કરો, જાવ જમુના કે તીર, એક ગોપી કે પ્રેમ મેં બહ ગયે લાખ કબીર - **કબીર**
- છો વેદ વાંચનારાને માન હાનિ લાગે, પ્રસ્વેદ પાડનારા અમને તો જ્ઞાની લાગે - **રઈશ મણીયાર**
- વિચાર આવતા નથી એને તો આપણે ખુદ જાગૃત કરવા પડે છે - **ઈશિતા**
- કૃપા તો નિર્દોષ બાળકો જેવી છે, તમારા ઘરમાં કંકાસ જુઓ તો તરત પાછા ફરી જશે - **પૂજ્ય મોટા**
- શ્રદ્ધા તપ છે, જે ઈશ્વરીય આદેશો પ્રમાણેની પ્રેરણા આપે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : ઈંડાની સફેદી અને મધ મેળવી ચહેરા પર લગાડવાથી ત્વચા નિખરે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક શિલ્પકાર હતો. પથ્થરોમાં પોતાની કલ્પના શક્તિ અને છીણી હથોડીની મદદથી અદ્‌ભૂત એવા શિલ્પો બનાવતો. એકવાર તેમે શિલ્પોનું પ્રદર્શન યોજ્યું. પ્રદર્શિત દરેક શિલ્પકૃતિઓનું સારા ભાવે વેચાણ પણ થયું. છેલ્લે દિવસે એક પત્રકાર તેનો ઈન્ટરવ્યુ લેવા આવ્યો.

પત્રકારે પૂછ્યું : 'તમે પથ્થરોમાંથી સુંદર શિલ્પ બનાવી તેમાં પ્રાણ પૂરો છો. આવી જીવંત લાગે તેવી કૃતિનું સર્જન કેવી રીતે કરો છો? શિલ્પી એ જવાબ આપ્યો...' 'મારા માટે કોઈ પથ્થર જડ નથી. દરેક પથ્થરની અંદર એક સુંદર શિલ્પ.... સુંદર કલાકૃતિ છુપાયેલા જ હોય છે. હું તો ફક્ત. પથ્થરમાંથી નકામા વધારાના પથ્થરને દૂર કરીને શિલ્પનું નિર્માણ કરું છું. અને આ વાત ને મેં મારા જીવન સાથે પણ જોડી છે, મારા મન અને મગજમાં રહેલા નકામા ભાવ-ચિંતા, ઈર્ષ્યા, નિંદા, લોભ, દુઃખ, વગરેને સારા વિચારો અને સત્સંગની મદદથી કાઢી નાખી હું મારા મન અને જીવનનું પણ એક આનંદસભર શિલ્પનું નિર્માણ કરું છું, તમને ગમતી પ્રવૃત્તિ કરો અને કામમાં પરોવાયેલા રહો. કોઈની નિંદા ન કરો તો તમારું જીવન આનંદ અને સુખથી શોભતું બની જાય.'

પત્રકારે શિલ્પકારના મહાનવિચારને બિરદાવ્યો.

# શાળાઓના નિર્ણયમાં પુનઃવિચારણા જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

દિલ્હી અને અમદાવાદ જેવાં વસતિથી ઊભરાતાં અને સરકારી નિયંત્રણોની પરવા કર્યા વિના બેફિકરાઈથી જીવતા ટેવાયેલાં મહાનગરો માટે કોરોના ફરી વાર મોટી શિરોવેદના બની રહેલ છે. અમેરિકામાં પણ કોરોના કાબૂમાં આવતો નથી. આ સંજોગોમાં 'દવાઈ નહીં, તબ તક ઢિલાઈ નહીં' વાળું મોદીસૂત્ર લોકોને પોતાની ગરજે અમલમાં મૂકવું રહ્યું. પ્રજાને સરકારી નિયંત્રણો આકરાં લાગે તો પણ સરકારે એમનું કડકાઈથી પાલન કરાવવું જ જોઈએ. દિલ્હીમાં રહેલા લાખો બિહારીઓ માટે 'છઠ પૂજા' વરસનો સૌથી મોટો અને સદીઓથી પરંપરાગત રીતે ચાલ્યો આવતો તહેવાર છે. દિલ્હી સરકારે જનહિતમાં નદીના ઘાટ પર નિયંત્રણ મૂકતાં બિહારીઓ - સવિશેષ એમના ગાયક સાંસદ વીફરે તે સ્વાભાવિક છે. એમને તો બિહારી પ્રજાની દુખતી રગનો ગેરલાભ ઉઠાવી કેજરીવાલ સરકાર વિરુદ્ધ જનમત તૈયાર કરવો છે. પરંતુ અદાલતે એમને દાદ આપી નથી. તહેવારો જીવતા માણસોના મનોરંજન માટે છે. મંદિરો અને તીર્થોમાં પણ મડદાં નથી જતાં. જો જીવતા હોઈશું તો તહેવારો તો આવતા વર્ષે પણ ઊજવી શકાશે. કોરોનાએ જે રીતે મોતનું તાંડવ ખેલ્યું છે. એ જોતાં 'છઠ્ઠ પૂજા' જેવા ટોળાની ભીજ જમાવનારા તહેવારોની ઊજવણીની છૂટ ન આપી શકાય. આવો સ્પષ્ટ અભિપ્રાય આપીનો દિલ્હી હાઈકોર્ટે બહુ જ મોટું કલ્યાણકારી પગલું લીધું છે. ગુજરાતમાં પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી બિહારીઓ છઠ્ઠ પૂજાની મોટા પાયે ઉજવણી કરવા લાગ્યા છે. સુરત અને અમદાવાદમાં આવી ઊજવણી પર સ્થાનિક પ્રશાસનો નિયંત્રણ મૂકી યોગ્ય ચેતવણી આપી છે. પરિસ્થિતિ અંકુશ બહાર જાય તો અમદાવાદ અને દિલ્હીમાં આંશિક લોકડાઉનનો પ્રયોગ પણ કરવાની તંત્રને ફરજ પડી શકે. કેજરીવાલ સરકારે જાહેર પ્રસંગો તથા લગ્ન વગેરે જેવા સામાજિક પ્રસંગોમાં જનસંખ્યા સીમિત રાખવાના આદેશ કર્યા છે તે અનુકરણીય પગલું છે, આખરે તો - 'જાન હૈ તો જહાન હૈ'. અમદાવાદની હોસ્પિટલો કોરોનાગ્રસ્ત દરદીઓથી ઊભરાઈ ગઈ છે. ફરી એકવાર શહેર અત્યંત ખતરનાક સ્થિતિમાં મુકાઈ ગયું એનું કારણ દિવાળી અને બેસતા વર્ષની ઊજવણી પ્રસંગે મળેલી છૂટછાટનો પ્રજાકીય સ્તરે બેદરકારીપૂર્વક થયેલ દૂરુપયોગ છે. આવી સ્થિતિમાં શાણા પ્રજાજનો કે જે તમામ પ્રકારના પ્રોટોકોલ અનુસરે છે, એમને અજાણતાં જ કેટલો મોટો અન્યાય થઈ રહ્યો છે. એ પણ વિચારવું જોઈએ અને નિયંત્રણોનું સખ્તાઈપૂર્વક પાલન થવું જોઈએ. ગુજરાત સરકારે મંદિરો અને પ્રવાસન સ્થળો ખોલી નાખીને એક જોખમ ખેડી લીધું જેના દુષ્પરિણામો અણસમજુ પ્રજા ભોગવી રહી છે ત્યારે બાળકોની જિંદગી સાથે ચેડાં ન થાય એવી પ્રાર્થના જ કરવી રહી. એ સાચું કે બાળકોનું શૈક્ષણિક વર્ષ બગડી ચૂક્યું છે અને ઓનલાઈન શિક્ષણ તો ફક્ત એક આશ્વાસન પુરવાર થયું છે. પરંતુ શાળાઓ શરૂ કર્યા પછી જો આ સાચું જીવનધન વેડફાશે તો એની જવાબદારી કોની રહેશે,, એ પણ સરકારે અને સુત્ર પ્રબુદ્ધજનોએ વિચારવું જ રહ્યું. છઠ્ઠ પૂજા રોકી શકાતી હોય તો શાળાઓ પણ શિયાળાની કોરોનાગ્રસ્ત ઋતુ પૂરતી બંધ રાખી શકાય. વાલીઓ પર જવાબદારી ઢોળીને તંત્ર તથા સંચાલકો હાથ ખંખેરી લે એ તો નરી ક્રૂરતા જ લેખાશે.

# અન્નદાન એ શ્રેષ્ઠ દાન

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**



કારતક સુદ સાતમ જલારામ જયંતી છે

ચાલીસા દેવ અને દેવી માટે રચાયા છે; તેની જેમ



સંત વિષે પણ રચાયા છે જેમ કે 'જલારામ ચાલીસા.'

આની કેટલીક નોંધપાત્ર વિશેષતાઓ છે :

(૧) આમાં આરંભ પહેલાનો દોહરો છે; પરંતુ અંત પછીનો નથી.

(૨) આમાં એના કર્તાનું નામ નથી, એની રચનાના સમયનો કોઈ નિર્દેશ નથી.

(૩) આમાં ફળપાઠ નથી.

(૪) તદ્દન સાદી સરળ ભાષામાં આ સંતપુરુષનું મહિમાગાન છે.

(૫) બરોબર ૪૦ પદ્યો છે. એ ચોપાઈમાં નથી.

આનો સંક્ષેપમાં પરિચય આ રીતે છે :

(૧) આરંભ પહેલાનો દોહરો -
અન્નદાન એ શ્રેષ્ઠ દાન, જપેના જલિયા જૂટ,
રામનામ ને લૂંટત રહે, જો લૂંટી સકે તો લૂંટ.

(૨) આરંભ -
ભારતભૂમિ સંત જનોની, ભક્તિની કરતાં લહાણ;
ગરવી ગુર્જર ગરવી ગાથા, વીરપુરે સંત જલાણ.

(૩) વ્યક્તિત્વ -
પ્રેમરસ પીને પિવરાવે , ધન ધન શ્રી જલારામ
હરિના જનમાં હરિ વસે, વદી રહ્યા જલિયા રામ.
સેવા-ત્યાગની જીવતી મૂરત, જલારામ અવતાર.
નોધારાના આધાર બાપા, યાદ કરો લગાર.

(૪) ચમત્કારો અને પરચા -
બાપાના પરચા હજાર, લખતાં ન આવે પાર.
વાત બધી સ્વાનુભવની, સુણો ભગિની ભાઈ.
રસોઈ ચારસોની હતી, જમવા આઠસો તૈયાર.
મૂંઝાયા સાસુમા ત્યારે, મેં આપી હામ લગાર.
વધ્યો મુખથી જય જલારામ, આઠસો ઓડકાર ખાય.
વધ્યો મોહનથાળ છતાં, ઘરના ખાતાં ન ધરાય.

(૫) માતૃશ્રી વીરબાઈ -
ભંડારી બાપાના વીરબાઈ, સતી પતિવ્રતા કહેવાય;
અવધૂત સંગે જાતા, કદી ના જે અચકાય.
ત્યાગ - બલિદાનની અપૂર્વ ગાથા, સ્વર્ણ અક્ષરે એકાય;
સતી પુણ્યે જલિયાણ ભક્તિ, બની ગઈ સવાય.

(૬) શ્રીરામનું સ્થાન -
રામનામમાં મગન, સર્વદા રામના દાસ;
તુલસીને જલિયાણના, દિલમાં રામનો વાસ.
દિલમાં રામનો વાસ જેને, સંસારનો ના ત્રાસ;
રહે ભલે સંસારમાં, મનડું રામડી પાસ
ઠામઠામ જીવમાં રામજી પેખે, મુખમાં રામનું નામ.

(૭) ઉપદેશ -
ભક્તિ ખાંડાની ધાર છે, પળપળ કસોટી થાય.
હસતાં મુખે દુઃખે સહે, હરિ વહારે ધાય.
સતગુણથી સુખ મળે, નવે સુખ-શાંતિ થાય;
સુખ-શાંતિમાં આનંદ સાચો, આનંદ આતમરામ.
અનુભવ વિનાનું જ્ઞાન કાચુ, અનુભવ ગુરુ મહાન.

જલારામ જયંતિ નિમિત્તે પૂજ્ય જલારામ બાપાને સાદ પ્રણામ એમના આ જલારામ ચાલીસાનું વિશેષ મહત્ત્વ છે.

# કુરિયન પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે?

**ખજાનો**
**અનિલ પટેલ**



## ભારતીય એવોર્ડ્ઝ અને પારિતોષિક

૧ તાનસેન સન્માન કઈ સરકાર દ્વારા અપાતો શાસ્ત્રીય સંગીતનો પુરસ્કાર છે ?
(અ) મધ્યપ્રદેશ (બ) ઉત્તરપ્રદેશ
(ક) મહારાષ્ટ્ર (ડ) રાજસ્થાન

૨ સૌથી વધુ દૂધ આપનાર ગાય કે ભેંસના માલિકને કયા એવોર્ડથી સન્માનિત કરાય છે ?
(અ)ગૌસેવા પુરસ્કાર (બ) ગોપાલ રત્ન પુરસ્કાર
(ક) કૃષિ રત્ન (ડ) ગૌશાલા રત્ન

૩ કુરિયન પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) કૃષિ વિકાસ (બ) ઔદ્યોગિક વિકાસ
(ક) ડેરી વિકાસ (ડ) ઊર્જા વિકાસ

૪ મરાઠીમાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા પ્રથમ મહિલા સાહિત્યકાર કોણ છે ?
(અ) અમૃતા પ્રિતમ (બ) સુમિત્રાનંદન જોષી
(ક) આશાપૂર્ણા દેવી (ડ) વિન્દા કરીન્દીકર

૫ તિલક પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) આરોગ્ય સેવા (બ) ખેલકૂદ
(ક) સમાજ સેવા (ડ) શિક્ષણ ક્ષેત્ર

૬ સરસ્વતી સન્માન મેળવનાર પ્રથમ ગુજરાતી સાહિત્યકાર કોણ છે?
(અ) વિનોબા ભાવે (બ) મનુભાઈ પંચોળી
(ક) નારાયણ દેસાઈ (ડ) ઉમાશંકર જોષી

૭ વાચસ્પતિ પુરસ્કાર કયા સાહિત્યકાર માટે અપાય છે ?
(અ) સંસ્કૃત સાહિત્ય (બ) હિન્દી સાહિત્ય
(ક) ઊર્દૂ સાહિત્ય (ડ) બંગાળી સાહિત્ય

૮ સૌ પ્રથમ ભારત રત્ન કોને એનાયત થયો હતો?
(અ) લાલ બહાદુર શાસ્ત્રી (બ) પંડિત નહેરુ
(ક) સી રાજાગોપાલાચારી (ડ) રવિન્દ્રનાથ ટાગોર

૯ ભારતની બંધારણ માન્ય ૨૨ ભાષાઓને કયો એવોર્ડ અપાય છે ?
(અ) મૂર્તિદેવી પુરસ્કાર (બ) જ્ઞાનપીઠ એવોર્ડ
(ક) સરસ્વતી સન્માન (ડ) ટાગોર સાહિત્ય પુરસ્કાર

૧૦ બારલોગ પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે?
(અ) આરોગ્ય (બ) પશુપાલન
(ક) શિક્ષણ (ડ) કૃષિ ક્ષેત્ર

૧૧ હોમી ભાભા પુરસ્કાર વિજ્ઞાનનો કયા ક્ષેત્ર માટે અપાય છે ?
(અ) પરમાણું (બ) અવકાશ
(ક) જીવવિજ્ઞાન (ડ) જનીનશાસ્ત્ર

૧૨ કે કે બીડલા ફાઉન્ડેશન દ્વારા કયો પુરસ્કાર અપાય છે ?
(અ) વ્યાસ સન્માન (બ) બિહારી પુરસ્કાર
(ક) શંકર પુરસ્કાર (ડ) સરલા સન્માન

૧૩ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ગ્રુપ દ્વારા કયો પુરસ્કાર એનાયત થાય છે ?
(અ) ઓસ્કાર (બ) ફિલ્મ ફેયર પુરસ્કાર
(ક) એમ્પી પુરસ્કાર (ડ) ગોલ્ડન ગેટ

૧૪ જેસી ઓવેસ પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે?
(અ) ખેલ જગત (બ) કલા જગત
(ક) સાંસ્કૃતિક (ડ) ફિલ્મ જગત

૧૫ કુમાર ચંદ્રક વિજેતા પ્રથમ ગુજરાતી સાહિત્યકાર કોણ છે ?
(અ) રમેશ પારેખ (બ) રાજેન્દ્ર શાહ
(ક) જ્યોતીન્દ્ર દવે (ડ) ડૉ. હરિપ્રસાદ દેસાઈ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૦ નવેમ્બર : બાળ અધિકાર દિન / ઝંડા દિવસ
  - ક્રાંતિકારી શહીદ બેલડી સત્યેન્દ્ર બસુ અને કન્હાઈ દત્તની પુણ્યતિથિ (૧૯૦૮)
  - હરિ પ્રસાદ ન દેસાઈનો જન્મ (૧૮૮૦)
  - અભિનેત્રી શિલ્પા શિરોડકરનો જન્મદિવસ (૧૯૬૯)
  - ઉર્દૂ સાહિત્યકાર એહમદ નદીમ કાસમીનો જન્મદિવસ (૧૯૧૬)
- ૨૧ નવેમ્બર :
  - દત્ત ઉપાસનાના પ્રચારક શ્રીરંગ અવધૂતજીનો જન્મદિવસ (૧૮૯૮)
  - વૈજ્ઞાનિક સર જગદીશ ચંદ્ર બોજનો જન્મદિવસ (૧૮૫૮)
  - મહાન ભારતીય વૈજ્ઞાનિક ચંદ્રશેખર વી. રામનની પુણ્યતિથિ (૧૯૭૦)
  - મશહૂર ડાન્સર હેલનનો જન્મદિવસ (૧૯૩૮)
- ૨૨ નવેમ્બર :
  - ફિલ્મ ડિરેક્ટર સંજય ગઢવીનો જન્મદિવસ (૧૯૬૫)
  - અમેરિકન પૂર્વ રાષ્ટ્રપ્રમુખ જહોન કેનેડીનું નિધન (૧૯૬૩)
  - બાબાસાહેબ આપ્ટેને યુનોનો માનવ અધિકાર એવોર્ડ મળ્યો (૧૯૮૮)
  - ભારતની ડાયેના હેડને મિસ વર્લ્ડ ખિતાબ જીત્યો (૧૯૯૭)
- ૨૩ નવેમ્બર : સાંસ્કૃતિક એકતા દિવસ
  - ટેલિવિઝનના ફેમસ કલાકાર કરન પટેલનો જન્મદિવસ (૧૯૮૩)
  - એમરિકન સિંગર અને એક્ટ્રેસ તથા સોંગ રાઈટર માઈલી સાયરસનો જન્મદિવસ (૧૯૯૨)
  - સત્યસાંઈ બાબાનો જન્મદિવસ (૧૯૨૬)
  - જાણીતા કાર્ટૂનિસ્ટ અને ચિત્રકાર બંસીલાલ વર્મા ઉર્ફે ચકોરનો જન્મદિવસ (૧૯૧૭)
- ૨૪ નવેમ્બર : એનસીસી સ્થાપના દિવસ
  - ફિલ્મ સ્કીપ્ટ રાઈટર સલીમખાનનો જન્મદિવસ (૧૯૩૫)
  - કોમેડી અભિનેતા અમોલ પાલેકરનો જન્મદિવસ (૧૯૪૪)
  - જાણીતા ગાંધીવાદી અને સાહિત્યકાર નારાયણ દેસાઈનો જન્મદિવસ (૧૯૨૪)
  - એપોલો-૧૨ પૃથ્વીપર પાછું ફર્યું (૧૯૬૯)
- ૨૫ નવેમ્બર :
  - દુલાભાયા 'કાગ'નો જન્મદિવસ (૧૯૦૨)
  - ગઝલના સર્જક બરતક વિરાણી 'બેફામ' નો જન્મદિવસ (૧૯૨૩)
  - રેલવે દુર્ઘટનાને કારણે લાલ બહાદુર શાસ્ત્રીએ રેલવે પ્રધાન તરીકે રાજીનામું આપ્યું (૧૯૫૬)
  - રણજિત રામ સુવર્ણચંદ્રક સન્માનિત ગુણવંતરાય આચાર્યનું નિધન (૧૯૬૫)
- ૨૬ નવેમ્બર : રાષ્ટ્રીય કાયદા દિવસ / બંધારણ દિવસ / નેશનલ મિલ્ક ડે
  - મુંબઈમાં આતંકવાદી હુમલો જેમાં ૨૦૦નાં મોત થયાં (૨૦૦૮)
  - ભારતીય બંધારણનો વિધિવત સ્વીકાર થયો (૧૯૪૯)
  - આઝાદ ભારતની પ્રથમ પાર્લામેન્ટના પ્રથમ સ્પીકર ગણેશ વ. માવલંકરનો જન્મદિવસ (૧૮૮૮)
  - ચિનુભાઈ પટવાનો જન્મદિવસ (૧૯૩૮)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

બિહારના મુખ્યમંત્રી તરીકે કોની વરણી કરવામાં આવી? જવાબ : નીતિશકુમાર

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) રાજેશ આર રાવલ : સે-૧૨ (૨) ધવલ પટેલ : સે-૭ (૩) ઋજિત રાવલ : સે-૭ડી (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) હાર્દિક આર મકવાણા : સે-૨૪ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ (૮) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સા કૉલેજ

### આ સપ્તાહનો સવાલ

મુસ્લિમ રાજકીય આગેવાન ઔવેસીની રાજકીય પાર્ટીનું નામ શું છે?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# નવા વર્ષે કરવા જેવા કેટલાક જરૂરી સંકલ્પો

**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**



'આ વર્ષે બંદાના નામે એક રેકોર્ડ નોંધાશે... દિવાળીની રાત્રે અમે ઉત્સાહથી કહ્યું....'

'વાહ... શેનો રેકોર્ડ?'

'વર્ષોથી દર બેસતા વર્ષે હું એક નવો સંકલ્પ લઉં છું ને? આ નૂતન વર્ષના નવલા પ્રભાતે મારો આ રીતે સતત ૫૧મો સંકલ્પ લેવાનો રેકોર્ડ બનશે!!'

'અને અગાઉની જેમ જ, આ તમારો ૫૧મો સંકલ્પ પણ એક-બે દિવસથી વધુ નહીં પાળવાનો તમારો ભવ્ય રેકોર્ડ પણ નોંધાશે જ ને!!'

'હં.... આ ન બોલ્યા હોત તો ના ચાલત? પણ ના, પતિના ઉત્સાહ ઉપર ઠંડુ પાણી ફેરવી દેવાનો તમારો રેકોર્ડ બનાવવાની તક તમે શું કામ ચૂકો, રાઈટ? ભલે, અમારાથી સંકલ્પ પળાતો ન હોય, પરંતુ નવા વર્ષે થાક્યા વિના, ૫૦ વર્ષથી સાતત્યપૂર્ણ રીતે સંકલ્પ લેવાના. અમારા ઉમંગ - ઉત્સાહથી તમને કંઈ જ નથી! કેટલાક લોકો સતત આવું કરે છે? હસબન્ડ સામે બંડ પોકારવું જ એવું લખી આપ્યું છે!'

'અરે.. પણ...'

'જવા દો... દિવાળીના સારા દિવસોમાં અમારે ઘરમાં કકળાટ નથી કરવો... આ અમારો ત્યારનો તાજો સંકલ્પ છે!!'

'સોરી... વેરી સોરી...'

'જો કે શ્રીમતીજી આમ ઝટ દઈને 'સોરી' કહી સરન્ડર કરી દે એ સાંભળી અમને ખૂબ નવાઈ લાગી... આની પાછળશું કારણ હશે એ વિશે અમારા દિમાગમાં, બારણે લટકાવેલ રંગ-બેરંગી લાઈટ્સની સિરીઝની જેમ, બત્તીઓ ઝબૂકવા લાગી.

'સારી... કહું છું, કાલે બેસતા વર્ષે ભલે તમે એકાવનમો સંકલ્પ લઈ રેકોર્ડ બનાવજો... ઓ કે...? પણ સંકલ્પ લેવા અંગે એક સજેશન કરું?'

'હા... હા....' અમારામાં પણ ઉત્સાહનાં તારામંડળ ને અનાર-કોઠીના ફૂવારા ફૂટ્યા : 'હા કહો... ભલે તમે કહેશો એ સંકલ્પ લઈશું.'

'તો કાલે બ્રાહ્મ મુહૂર્તમાં એવો સંકલ્પ કરીને રેકોર્ડ નોંધાવજો કે હવે પછી હું કયારેય કોઈ સંકલ્પ નહીં લઉં...'

'હેં ? અમને હાથમાં બૉંબ ફૂટ્યો હોય એવો ઝાટકો લાગ્યો... પણ તરત જ અમને અમારો દિવાળીના દિવસોમાં કકળાટ નહીં કરવાનો તદ્દન 'તાજો' સંકલ્પ યાદ આવ્યો અને તેની એક-બે દિવસ નહીં, દેવદિવાળી સુધી પુરા પંદર દિવસ નહીં તોડવાનો રેકોર્ડ બનાવવા અમે સમસમીને મૌન બેસી રહ્યા..

●●●

'આવે છે... આવે છે... કહીને નવરાત્રી પછી આ દિવાળી ય આવીને ગઈ...'

'તે દિવસો - તહેવારો તો આવે ને જાય, વર્તમાન ભૂલકાળ બને એ નથી જાણતા?'

'જાણું છું કે આવે તે જાય, નામ તેનો નાશ.... તો પછી મૂઓ આ કોરોના આવ્યા પછી જવાનું નામ કેમ દેતો નથી?'

'જશે એય એક દિવસ જશે...'

'કયારે આવશે એ શુભ દિન?'

'કુદરત-પરમ શક્તિ વાયા કોરોના કદાચ આપણી ધીરજની આપણી એના ઉપર તથા આપણી જાત ઉપરની શ્રદ્ધાની કસોટી કરી રહી છે.... આપણે હતાશ થયા વિના, હિંમત હાર્યા વિના, ધીરજપૂર્વક લડતા રહેવાનું છે... પ્રકૃતિ-પર્યાવરણનું મહત્વ, સમજી, એનો આદર કરતા થઈશું, ઈશ્વરે સર્જેલા પ્રત્યેક જીવનો આ સૃષ્ટિ પર, પ્રકૃતિનાં તત્ત્વો પર આપણા જેટલો જ સમાન અધિકાર છે એ સ્વીકારી, એ રીતે કાયમ માટે જીવતાં શીખી લઈશું તો કોરોના ઝટ ભાગશે...' બસ, આપણે જાગવાની - જાગી જઈને - જાગતા રહેવાનો સંકલ્પ લેવાની જરૂર છે...''

●●●

એક સમાચાર : 'દિવાળીમાં શૅરબજાર બંધ રહ્યું પણ લોકોની બેદરકારીના પરિણામે કોરોનામાં તેજી આવી.. કોરોનાના કેસોમાં ભારે ઉછાળો... સતર્કતા ઘટી, દુર્ઘટના ઘટી, નહીં નહીં, બઢી!!'

●●●

'બેસતા વર્ષે, તમે મંદિરેય ન ગયાં?' 'ના...'

'કોઈને ત્યાં સાલમુબારક કરવાય ન ગયા?'

'ના... અમે તો ઘરમાં જ રહ્યા... ફોનથી સૌને, 'હેપ્પી ન્યુ ઈયર વિશ કર્યું.'

'ખરા ડરપોક છો તમે!!' 'જી, ના ... આ ભીરુતા ડરપોકપણું નથી... આ તો છે સતર્કતા - જાગૃતિ, જે હાલની કોરોનાની ચિંતાજનક પરિસ્થિતિમાં સૌએ બતાવવી અનિવાર્ય છે, સમજ્યા ? અને તેથી જ અમે આ વર્ષે સંકલ્પ કર્યો હતો.' 'અચ્છા તો સરસ તો પછી તબીબો, સરકાર, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની સલાહ ને ચેતવણી છતાં જે ઉત્સાહીજનોએ ખૂબ ફટાકડા ફોડયા અને ઘર બહાર નીકળી, ભીડ-ભાડમાં ફરવાની, 'વીરતા' દાખવી એમનું શું ?'

'એમના માટે ભગવાન ઈસુએ કહેલું વાક્ય યાદ કરવાનું : 'પ્રભુ, એમને માફ કરજો... એમને ખબર નથી કે એ (સમાજ માટે જોખમી કામ) શું કરી રહ્યા છે!!'